નમસ્કાર ગાંધીનગર

પમરાટ

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે;
ઘાયલ મરતાં મરતાં રે! માતની આઝાદી ગાવે.
એવી કોઇ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે;
કોઇના લાડકવાયાને ચૂમે પાવકજ્વાલા મોઢે.
એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઇ કવિતા લાંબી;
લખજો : 'ખાક પડી આંહી કોઇના લાડકવાયાની..!

- ઝવેરચંદ મેઘાણી

પાથેય

- રમેશ ઠક્કર

શહીદ દિવસે...

૩૦ જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન..શહીદ દિન..એ દિવસે મૌન થકી એમને યાદ કરવાનો ઉપક્રમ હોય છે..શબ્દોની અંજલિ અહીં ટુંકી પડતી હોય છે..એમણે જ કહ્યું છે 'મારૂં જીવન એ જ મારો સંદેશ'..આપણા દેશમાં અનેક નામી અનામી શહીદોની ઝળહળતી યાદી છે..એ તમામ કોઇના લાડકવાયા હતા. જેમણે દેશ માટે જિંદગી સમર્પિત કરી દીધી હતી.ગાંધી નિર્વાણ દિને આવો બાપુને યાદ કરીએ... 'ઈશ્વર,અલ્લાહ તેરે નામ સબ કો સન્મતિ દે ભગવાન...' આવી ગળથૂથી અમને કામલપુર ગામની એક ઓરડાની શાળામાં મળી હતી...આજેપણ જગત માણસજાતની સન્મતિ માટે ઝઝૂમી રહયું છે...ગાંધીજીને માણસની 'સારપ'માં અતુટ આસ્થા હતી..મારા જેવા અનેકને ગાંધીમાં પારાવાર શ્રધ્ધા છે..એ કહેતા મારા જેવા અનેકોનો ભલે ક્ષય થાય,પણ સત્યનો હંમેશાં જય થાય...

ઇ.સ.૧૯૧૫માં એ દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આવ્યા ત્યારે એ ૪૫ વરસના હતા..ભારત સદીઓથી ગુલામ હતું.બેહાલ હતું. ભારત વિશે ઘણુંબધું જાણવાનું બાકી હતું. બેરિસ્ટર મોહનદાસ કાઠિયાવાડી પોષાકમાં વતનની ધરતીને સ્પર્શી રહયા હતા..ભારતવર્ષમાં એક મહાત્માનો ઉદય થઇ રહયો હતો..ત્રીજા વર્ગના મુસાફર ગાંધીએ કરેલું ભારતદર્શન એ એમના જીવનનો સૌથી મહત્વનો પુરૂષાર્થ હતો. 'માતૃભાષાની અવગણના કરવી એ પોતાની માતાની અવગણના કરવા બરાબર છે.' એવું એ માનતા. અને એટલે જ એમણે પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' ગુજરાતીમાં જ લખી..એમના મોટાભાગના જગવિખ્યાત લેખો ગુજરાતીમાં જ લખાયા છે. એ અંગ્રેજી સહિત અનેક વિદેશી ભાષાઓ ઉપર કાબુ ધરાવતા હતા પરંતુ માતૃભાષા માટેનો એમનો આ પ્રેમ હતો..આત્મકથા અત્યારે દુનિયાની ૩૧ ભાષાઓમાં અનુવાદિત થઇ છે. કાશ્મીરી ભાષામાં પણ મળે છે. મહાદેવ દેસાઇએ કરેલ અંગ્રેજી આવૃતિ પણ સરસ છે. નવજીવન ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૬૦ લાખ જેટલી એની નકલો વેચાઈ ગઇ છે, જે એક રેકોર્ડ છે. આપણને જાણીને નવાઇ લાગશે કે એ સૌથી વધુ કેરળમાં વેચાઇ છે. જેની સંખ્યા સાડા સાત લાખ નકલની છે..તમીલમાં સાત લાખ નકલો વેચાઇ છે..એ પછી હિન્દીમાં..અને આપણે ગુજરાતી લોકો સાતમા આઠમા ક્રમે છીએ ગાંધીને વાંચવામાં...! જહોન રસ્કિન નું 'અન ટુ ધીસ લાસ્ટ' એ પુસ્તક પોલોક નામના અંગ્રેજ મિત્રએ એમને આપ્યું. ચાલુ ટ્રેનમાં જ વાંચી નાખ્યું. બીજા સ્ટેશન સુધી પહોંચતાં ગાંધી ધરમૂળથી બદલાઇ ગયા..પેસીવ રેઝીસ્ટન્સ એ રસ્કિન ના શબ્દને 'સત્યાગ્રહ ' જેવી ગુજરાતી સુવાસ આપી. અને પીડ પરાઇ જાણવાની મથામણ શરૂ કરી. જગતને અહિંસાની શકિતનો પરિચય થયો..સ્વયંભૂ એમને માટે શબ્દ આવ્યો 'મહાત્મા' અને ભારતીયોના દિલમાં એ વસી ગયો... 'સત્ય અને અહિંસા એ ભારતીય સંસ્કૃતિના પાયા છે..એ મારી શોધ નથી..મેં તો ફકત એની ઉપાસના કરવાનો પ્રયત્ન કર્યો છે..મને મહાત્મા કહી દોષમાં ના નાખશો...' આ હતી એમની નમ્રતા. મુઠ્ઠીભર હાડકાં..સાધારણ દેખાવ... બેરીસ્ટર છતાં મને પી.નોટ.શું છે એ ખબર ન હતી એવું નિખાલસ રીતે કહેનાર.. ચાર્લી ચેપ્લિન કોણ છે ? એવું સહજપણે પુછનાર. ગાંધી મેટ્રિકમાં ફકત ચાલીસ ટકા માર્કસ લાવ્યા હતા...પરંતું રંભા નામની કામવાળીએ આપેલું 'રામ' નામનું ઓસડ એમને મહામાનવ તરફ લઈ ગયું. આ ગાંધીકથા છે..આજના યુવાનો કે વિદ્યાર્થીઓ નાની નાની વાતમાં હતાશ થઇ જાય છે એમના માટે ગાંધી નામ એ રામ નામ જેવું જ અમોઘ નામ છે..

એમને સરદારની લોખંડી શકિતમાં અતુટ શ્રધ્ધા હતી,નેહરૂની વિદ્વતામાં વિશ્વાસ હતો.. ઠક્કરબાપા કે રવિશંકર મહારાજની સેવામાં સધિયારો હતો..બાબાસાહેબ આંબેડકરની સંવેદના સ્પર્શતી હતી..મૌલાના આઝાદની કેળવણી કે કાકાસાહેબ કાલેલકરનો ભાષાવૈભવ કે મુનશીની અસ્મિતા એ તમામમાં દિલચસ્પી હતી..સુપુમ્ર ભારતને એક જબરજસ્ત સંચાર ગાંધી નામથી મળ્યો..જેનાં સ્પંદન આખા ઉપખંડના રીચર સ્કેલ ઉપર ફેલાઇ ગયાં...ભારતનો ધબકાર જગતે અનુભવવા માંડયો... ગાંધી એક નામ છે..સંજીવની છે..એક અતુટ બંધન છે..ભારતીય આત્મા છે..સત્યનો શીખરધ્વજ છે..હજારો વર્ષની જૂની અમારી વેદનનાઓનો ઉપચાર છે. વિવિધતામાં એકતાનો સહચાર છે..ગાંધી વિશે મબલખ લખાય છે..અનેક પુસ્તકો અને ફિલ્મો પ્રવચનો મોટામોટા માણસોએ આપ્યાં છે...મારા જેવા નાનકડા ગામના નાનકડા શબ્દસેવી માટે ગાંધી એ સુખદુઃખનો સધિયારો છે..સહારો છે.

ધંધુકાની છોકરમત ગુજરાતને ભારે પડશે

તંત્રીસ્થાનેથી...

ધંધુકાએ ગુજરાતને અને ગુજરાતી ભાષાને હેમચંદ્રાચાર્ય જેવી વિભૂતિ આપી છે. ગુજરાત ગાંધીજીના જન્મ પૂર્વે પણ અહિંસક હતું એનું કારણ હેમચંદ્રાચાર્ય જેવા મહાન તપસ્વીએ એમના શિષ્ય કુમારપાળ પાસે ગૂર્જર દેશમાં રાજધર્મ તરીકે જૈન ધર્મને અપાવેલ સ્વીકૃતિ છે. ગુજરાત દેશનો સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતું રાજય હોવા છતાં માછલી એ ગુજરાતના દરિયા કિનારે વસતા ગુજરાતીઓના ભોજનની અનિવાર્ય વાનગી નથી બની શકી તે જ શું સૂચક નથી ? આવા ગુણિયલ ગૂર્જર દેશની એ જ પવિત્ર હેમચંદ્રાચાર્યની જન્મસ્થળી હિંસાની આગમાં ધકેલી દે એવી ઘટના બની છે. અલબત્ત, એમાં બેઉ પક્ષે નરી છોકરમત જ પ્રદર્શિત થઈ છે. આશા રાખીએ કે સરકાર પણ વોટબેંકના મુદ્દે એવી છોકરમત ના કરી બેસે. એક તરવરિયા ભરવાડ યુવાને ફેસબુક પર અવાંછનીય કોમન્ટ કરી એ આખી ઘટનાનું મૂળ સ્રોત છે. એથી લઘુમતી વર્ગના એવા જ છેલબટાઉ છોકરાને એનો ક્રૂર બદલો લેવાનું મન થાય છે અને તે કટ્ટરપથી જમાતના મૌલવીની મદદ લેવા દોડી જાય છે. આવાં અનિષ્ઠ તત્ત્વો તો શાંત પાણીમાં કાંકરી ચાળો કરવાની રાહ જ જોતાં હોય છે. ધંધુકા અને અમદાવાદ જિલ્લા પોલીસે આખા રહસ્ય પરથી ગણતરીના દિવસોમાં પડદો ઉઠાવી લેવાનું કૌવત દાખવ્યું છે તે અભિનંદનને પાત્ર છે. કડકમાં કડક સજા થાય અને દાખલો એવો બેસે કે ફરી ક્યારેય આવી લોહિયાળ ઘટના ન ઘટે તે માટે સરકારની સક્રિયતા પણ અનિવાર્ય ગણાય. વર્તમાન સરકારના યુવાન ગૃહમંત્રીએ તપાસનો દોર પોતાના હાથમાં લઈ એક પ્રશંસનીય પ્રથા શરૂ કરી છે. પીડિત પરિવાર અને સમાજ સાથે એમની સહાનુભૂતિ અને ગૃહમંત્રી તરીકેની ફરજનું પાલન જરૂર માન ઉપજાવે, પણ એમાં દેખાતું એક પક્ષી વલણ સામા પક્ષના સમાજને જરૂર વાંધાજનક લાગી શકે એમ છે. સરકારે સંતુલિત અભિગમ અપનાવી ગુનેગાર તત્ત્વો સામે કડકમાં કડક વલણ અખત્યાર કરવું જોઈએ. એટલું જ નહીં પણ પાર્ટીના કાર્યકરો કે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓને પણ કોમી ઉશ્કેરણી ન થાય એ દિશામાં રચનાત્મક ભૂમિકા ભજવવા માર્ગદર્શન આપવું જોઈએ. ગુજરાતે રમખાણો જોયાં છે અને એ લોહિયાળ ઘટનાઓના ઘા હજુ તો માંડ રૂઝાયા છે. ભારતીય જનતા પાર્ટીને આવાં રમખાણોનું પુનરાવર્તન પોસાશે નહીં - એટલી સમજણ કેળવવાની જરૂર છે. માધવસિંહ સોલંકી જેવા લોકપ્રિય નેતાને રમખાણોના મુદ્દે સત્તા છોડવી પડી હતી. વળી એમના શાસનકાળમાં થયેલા રમખાણો જ ભારતીય જનતા પાર્ટીને ફળ્યાં હતાં. જેના શાસનકાળમાં આવાં અવાંછનીય કોમી રમખાણો થશે એની સાથે પ્રજામત ટકશે નહીં એ ભીંત પર અક્ષરો જેટલું સ્પષ્ટ વંચાવું જોઈએ. ગુજરાતને શાંતિ ખપે છે, સુલેહ અને સંપ સાથેનો કોમી એખલાસ જળવાઈ રહે તે ખૂબ જરૂરી છે. ધંધુકા અત્યારે ભારેલા અગ્નિ જેવી સ્થિતિમાં મુકાઈ ગયેલ છે. ડાહ્યા માણસોએ પ્રો-એક્ટિવ બની એ આગ પ્રજ્જવલિત થતી અટકાવવા વેળાસર આગળ આવવાની જરૂર છે. ધંધુકાની કરપીણ ઘટના ગુજરાતની શાંતિનો ભોગ ન લે તે જોવાની ફરજ દરેક સંપ્રદાય, સમાજ અને સરકારની છે.

યાદ રહે, આજે શહીદ સ્મૃતિ દિન છે!

આરપાર
રાઘવજી માધડ

એક પ્રિયજને પૂછ્યું હતું : 'મને યાદ કરતા નથી ને !લ્લતો સામે જવાબ આપ્યો હતો:'યાદ તો એને કરવાના હોય,જે ભૂલી જવાતા હોય..' પછી હળવેકથી કહ્યું હતું:'પણ આપતો હદયમાં રાજ કરો છો!' આ વાત યાદ આવવાનું કારણ,આજે 'શહીદ સ્મૃતિ દિન' છે આ નિમિતે પણ ગાંધીજી યાદ આવે...એ સ્વાભાવિક છે.

ત્રીસ જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે મોહનદાસ કરમચંદ ગાંધીની હત્યા કરવામાં આવી હતી. સમગ્ર દેશમાં આ દિવસને શહીદ દિન તરીકે જાહેર કરવામાં આવ્યો છે.શહીદ દિવસ પર રાજઘાટ સ્મારક પર મહાનુભાવો એકઠા થાય છે અને બહુરંગી ફૂલોથી પુષ્પાંજલિ અર્પણ કરે છે.સશસ્ત્ર દળોના જવાનો લાસ્ટ પોસ્ટના અવાજમાં બ્યુગલ ફૂંકે છે. આંતર-સેવાદળની ટુકડી આદરના ચિહ્ન તરીકે શસ્ત્રોને ઉલટાવે છે.સવારે ૧૧ કલાકે સમગ્ર દેશમાં ભારતીય શહીદોની યાદમાં બે મિનિટનું મૌન પાળવામાં આવે છે.સહભાગીઓ સર્વધર્મની પ્રાર્થના પછી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.રાષ્ટ્રીય સ્તરે તેને સર્વોદય દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

હજુ ચાર દિવસ પહેલા જ ગણતંત્ર દિવસની પૂર્વ સંધ્યાએ એકન્યુઝ ચેનલ વાળાએ લોકોને ગણ તંત્ર વિષે પૂછ્યું તો વિવિધ, વિચિત્ર અને વેદના થાય એવા જવાબો મળ્યા હતા: કોઈએ કહ્યું, રજા હોવાનો આનંદ મળે છે, અમને ખાસ કાંઈ ખબર નથી, અમે અભણ-મજૂરીયા માણસો છીએ... આઝાદીના સાત દાયકા પછીના આમ જનતાના આવા જવાબો ખરેખર શું સૂચવે છે? જાણવા છતાં અજાણ છે, આ મહામૂલી આઝાદી નું મહત્વ સમજતા નથી કે પછી અનેકોની શહીદી સાવ વિસરાઈ ગઈ છે... ને જે ખાસ દિને જ યાદ કરવામાં આવે છે ! અરે, હદતો ત્યારે થાય છે જયારે અમુક લોકો સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિન વચ્ચેના ભેદ-ભાવથી પણ અવગત નથી અથવા તો અજાણ હોવાનો પણ નર્યો ડોળ કરે છે.

આજે આઝાદીના અમૃત પર્વની વિવિધ પ્રકારે ઉજવણી થઈ રહી છે, તેમાં સ્વાતંત્ર્ય સેનાનીઓની બલિદાનગાથા અને જીવનસમર્પણની અતુલ્યગાથા જનજન સુધી પહોંચે તે માટે ગુજરાત સાહિત્ય, અકાદમી, ગાંધીનગર સ્વનામધન્ય સાહિત્યકારો પાસે પુસ્તિકાઓની શૃંખલા તૈયાર કરાવી રહી છે. મારા પક્ષે ઢસા અને રાય-સાંકળીના તાલુકદાર દરબાર ગોપાલદાસ દેસાઈ વિશે લખવાનું આવ્યું છે. આ પ્રજા વત્સલ રાજવી અને તેઓના જીવનસંગીની ભક્તિબા, ગાંધીજીના પ્રભાવ હેઠળ અસહકારની ચળવળમાં જોડાયા હતા. અને બ્રિટિશ સલ્તનત સામે અવાજ ઉઠાવ્યો હતો જેના લીધે અંગ્રેજ સરકારે તેમની જાગીરની જપ્તી કરી હતી.ખરા અર્થમાં તો આઝાદીના જંગમાં ઝુકાવનાર આ તાલુકદાર દંપતીએ પોતાની આઝાદી ખાતર તાલુકદારીની શહીદી વહોરી લીધી હતી. શહીદનો અર્થ થાય છે, ધર્મયુદ્ધમાં કે કોઈ તેવા સત્કાર્ય અર્થે પ્રાણ આપનાર. ગોપાલદાસે પ્રજાના કલ્યાણ માટે જીવન સમર્પિત કર્યું હતું.

આ સાહિત્ય જયારે પ્રગટ થશે ત્યારે તે દ્વારા ઘણાં શહીદો,વીર-જવાનો...વિશે અવગત થવાશે એટલું જ નહીં પણ આઝાદી સરળતાથી નથી મળી પણ આઝાદી મેળવવા અનેક સંકટ,કષ્ટો વેઠવા પડ્યા છે... તેનો નવી પેઢીને ખ્યાલ આવશે. આ ઉપક્રમ ઉમદા છે.પણ મારો મૂળ મુદ્દો એ છે કે,કેટલા શિક્ષિત અને દીક્ષિત વાલીઓ તેનાં પાલ્યને પાસે બેસાડી આઝાદીની યથોગાથા કહેતા છે કે વર્ણવતા હશે !

આ સંદર્ભે વળી કોઈનો રોકડો ને ખણખણતો જવાબ હશે,એ સ્કૂલ અને શિક્ષકોનું કામ છે...પણ

પોતાની આવી મહત્વની જવાબદારી બીજા માથે લાદી દેવી તે ઘણાંને સ્વભાવગત ને હસ્તગત હોય છે !

છેલ્લે :

ગાંધીજી પોતાના આરોગ્યની ઘણી કાળજી રાખતા હતા.તેથી વૃદ્ધાવસ્થામાં પણ તેમની તબિયત ઘણી સારી રહેતી હતી.એક જણે તેમને પૂછ્યું કે, બધા માણસો આપના જેવી સાદી રહેણી, ઉપવાસ અને વ્યાયામની ટેવ પાડે તો આપ માનો છો કે તેઓ સો વરસ જીવે ? ગાંધીજીનો જવાબ હતો : 'હા, પણ એ વિશે ચોક્કસ તો હું મરી જાઉં ત્યારે જ કહી શકે.'

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

હે, ઈશ્વર, તેઓને માફ કરજે, તેઓ જાણતા નથી કે ...

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

" હે, ઈશ્વર, તેઓને માફ કરજે, તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે. " ભગવાન ઈશુનું આ વાક્ય વિશ્વમાં પ્રસિદ્ધ છે. વિશ્વના તમામ ધર્મોમાં બદલો લેવાને બદલે માફ કરવાના ભાવને શ્રેષ્ઠ ધર્મ માનવામાં આવ્યો છે. દુનિયાનો કોઈપણ માણસ જાણીજોઈને ગુહનો કરતો નથી, એના ગુહના કે કર્મની પાછળ ઘણા સત્યો અને તથ્યો છૂપાયેલા હોય છે. એમાં અજ્ઞાનથી લઈને અત્યંત વિકટ પરિસ્થિતિ પણ જવાબદાર હોઈ શકે છે. તેથી આપણને ન ગમતા કાર્ય કરનાર આપણી જ આસપાસના મિત્રો કે સ્નેહીઓને જો આપણે સમજવાનો પ્રયાસ કરીશું તો શક્ય છે કે એને માફ કરીને સીધા રસ્તે લાવી શકીશું.

માફ કરવા વિશે આપણા શાસ્ત્રોમાં પણ લખ્યું છે " ક્ષમા વીરસ્ય ભુષણમ " ક્ષમા એ વીરતાનું આભૂષણ છે અને સૌથી શક્તિશાળી શસ્ત્ર પણ છે. બધી જ તાકાત લગાવીને કોઈની સામે લડવું સહેલું છે. જીતવું સહેલું છે. પણ ઘણીબધી તાકાત હોવા છતાંય કોઈને ક્ષમા કરવી, માફ કરી દેવું અત્યંત કઠિન હોય છે. કેમ કે લડવામાં આપણી નેગેટિવ શક્તિ વપરાય છે અને ક્ષમા કરવામાં પોઝિટીવશક્તિની જરુર પડે છે. જે બહું ઓછા લોકોમાં જોવા મળે છે.

મારું માનવું છે કે કોઈપણ માણસ જાણીજોઈને ભૂલ નથી કરતો હોતો. ભૂલ એનાથી થઈ જતી હોય છે. ભલે એના કારણો ગમે તેટલા હોય પણ ભૂલ હંમેશાં ભૂલથી જ થતી હોય છે. સ્વભાવ, સ્થિતિ કે અણસમજને કારણે ભૂલ થઈ જતી હોય છે. માટે આવા માણસો પ્રત્યે વેરભાવના કે નફરત રાખ્યા વિના સદભાવનાથી વર્તવું જોઈએ. કેમ કે ભૂલ કરનાર વ્યક્તિને પુરેપુરી સામાજિકતાનો, સંસ્કારિતાનો ખ્યાલ જ નથી. એ કોઈપણ વિપરિત પરિસ્થિતિથી ઘેરાયેલો રહે છે. એનો સ્વભાવ આંતરમૂખી કે રંગીલો કે છિછરો હોઈ શકે છે. કે એનામાં શિક્ષણના અભાવને કારણે કે સંસ્કારના અભાવને કારણે સમજણનો વિકાસ થયો જ ના હોય. અને અસમજણમાં કોઈપણ વ્યક્તિ ભૂલો કરવાની જ. તેથી આવી વ્યક્તિઓને પહેલા સમજવી જરુરી બને છે. ધીમે ધીમે સમજણ અને સંવેદનાપૂર્વક એને ભૂલો કરતી અટકાવી શકાય છે. જીવનમાં મોટાભાગની ભૂલો પરિસ્થિતિવશ થતી હોય છે. જો ઘરનું વાતાવરણ સારું ના હોય, પતિ – પત્ની વચ્ચે સતત ઝગડાઓ થતા હોય તો પતિ કે પત્ની બહાર ભૂલ કરી બેસે છે. અથવા સંતાનો જો થોડા મોટા હોય તો આવા ઘરેલું ઝગડાઓને કારણે માનસિક રીતે અસ્વસ્થ થઈને બહાર ભૂલો કરી બેસે છે. પછી એ ભૂલો શારિરીક હોય કે આર્થિક કે સામાજિક હોઈ શકે છે. આવી વ્યક્તિઓના માનસમાં અસંતોષનો ભાવ પ્રબળ હોય છે. એ ઘરમાંથી, માતાપિતા પાસેથી પ્રેમ, લાગણી કે હૂંફ ઝંખે છે પરંતુ એના બદલે જો સતત ઝગડાઓ, તિરસ્કાર કે અપમાન મળે તો એ બહારની વ્યક્તિઓમાં આ બધુ શોધશે. અને ઘર બહારની દુનિયા કેટલી ખતરનાક હોય છે તે આપણે સૌ જાણીએ છીએ.

અજાણતા થતી ભૂલોના પ્રમાણમાં જાણી જોઈને થતી ભૂલોનું પ્રમાણ માંડ માંડ પાંચ દસ ટકા હોય છે. કે વ્યક્તિ જાણતી હોય છે કે હું જે કરી રહ્યો છું કે કરી રહી છું તે ખોટું છે. છતાંય કરે છે. એમાં એનો અંગત સ્વાર્થ હોઈ શકે છે. અથવા સ્વતંત્રપણું હોય છે. કોઈ રોકટોક કરવાવાળું ના હોય, કોઈ બંધનો ના હોય. પારિવારિક કે સામાજિક બંધનોની કે પ્રતિષ્ઠાની પરવા ના હોય એવી વ્યક્તિઓ અણસમજને કારણે ભૂલો કરી બેસતી હોય છે. અને આવી ભૂલોના પરિણામો પણ ખૂબ ભયાનક હોય છે. પરંતુ આવી વ્યક્તિઓ પ્રત્યે વધારે સહાનુભૂતિ રાખીને એને સતત સમજણ આપવાના પ્રયાસો કરવા જોઈએ. એને ટોકવાથી કે ઝગડો કરવાથી કે નફરત કરવાથી એ વધુ બગડે છે.

આજની આ નવી સદીમાં સારા સારા માણસોને પણ ભૂલો કરાવે એવા અનેક ઉપકરણો દરેક વ્યક્તિના હાથમાં છે. હજીયે આ ઉપકરણોં વધતા જવાના છે. દરેક પરિવારોમાં, મિત્રતામાં, પ્રેમસંબંધમાં દરેક વ્યક્તિઓ અનેક ભૂલો કરતી જ જવાની છે. અને સંબંધો તૂટતા જવાના છે. ધીમે ધીમે પાશ્ચાત્ય સંસ્કૃતિ આપણે ત્યા આવી જશે. જો આવી પરિસ્થિતિ ના બને, આપણા સૌના પરિવારો, મિત્રતા, પ્રેમસંબંધ ના તૂટે એવું ઈચ્છતા હોઈએ તો એકબીજાને માફ કરવાની માનસિક શક્તિ આપણે સૌએ કેળવવી જ પડશે. કેમ કે ક્ષમા એક જ એવું શસ્ત્ર છે કે જે કઠોરમાં કઠોર વ્યક્તિને પણ બદલી શકે છે. યોગ્ય રસ્તા ઉપર લાવી શકે છે. ભૂલ કરનાર વ્યક્તિની ભૂલને ભૂલી જવાથી અનેક પરિવારો, સંબંધો બચી જાય છે. અને ધારો કે વ્યક્તિ ફરીથી એની એ જ ભૂલ કરે તો પણ એને બે ત્રણ વાર માફ કરી દો. તો ચોથી વાર એ ભૂલ નહીં કરે, એના પોતાના મનમાં દોષભાવ ઉત્પન્ન થશે, મનમાં ગ્લાની અનુભવશે. અસમજણનો દરિયો લઈને વારેવારે ભૂલો કરનાર વ્યક્તિના મનમાં પણ ક્યાંકને ક્યાંક ઊંડે ઊંડે સમજણનું ઝરણું વહેતું હોય છે. તે બહાર આવી જ જાય છે. અને ધારો કે ભૂલ કરનાર આપણી જ વ્યક્તિની સામે આપણે લડીએ છીએ કે ઝગડીએ છીએ તો એનામાં ને આપણામાં ફેર શું ? એ બહાર ભૂલ કરીને ઘરમાં આવે છે અને તમે ઘરમાં એની સાથે ઝગડવાની ભૂલ કરીને એને ફરી બહાર જવાની પ્રેરણા પુરી પાડો છો.તમે ઘરમાં જ તમારી વ્યક્તિને નફરત કરીને, અવિશ્વાસ કરીને, શંકાઓ કરીને એને બહાર સુખ શાંતિ કે પ્રેમ શોધવા, વિશ્વાસ શોધવા પ્રેરિત કરો છો. ધારો કે ભૂલ કરનાર વ્યક્તિ અશિક્ષિત છે તેથી તે ભૂલ કરે છે. પણ જો આપણે આપણને શિક્ષિત માનતા હોઈએ તો માફ કરવાનો સ્વભાવ કેળવવો જ પડશે.

ક્ષમા કરવા માટે, માફ કરવા માટે સખત માનસિક શક્તિની જરુર પડે છે. કેમ કે એમાં સૌ પ્રથમ આપણે આપણી જાતને ઓગાળવી પડે છે, અહમ ભૂલવો પડે છે, કેમ કે લડવા માટે તો સામે એક બીજી વ્યક્તિની જરૂર પડે છે જ્યારે ક્ષમા કરવા માટે તો સૌ પ્રથમ આપણે આપણી જ જાત સામે લડવું પડે છે. જાતને સમજાવવી પડે છે. જેમાં ઘણી વખત ઊંચી ઊંચી ડિગ્રીઓ પણ કામ નથી આવતી. દુનિયાની કોઈ યુનિવર્સિટીમાં કે ઉચ્ચ શિક્ષણમાં માફ કરવાનું શીખવવામાં નથી આવતું. એ તો વ્યક્તિના આંતરિક સ્વભાવ, સંસ્કાર અને સમજણ આધારિત હોય છે. જો આ ના હોય તો એને કેળવવી પડે છે. કેમ કે ઉચ્ચ પ્રકારની સમજણ વિના, સંસ્કાર વિના ક્ષમા કરી શકવાની ક્ષમતા વ્યક્તિમાં આવતી નથી.

ઘણા લોકો માફ કરવાને કાયરતા ગણે છે, પણ માફ કરવું એ કાયરતા નહીં, વીરતા છે. એમાં અનેક પ્રકારની સકારાત્મક ઊર્જા રહેલી છે. એના અનેક શુભ અને સુખદ પરિણામો મળે છે. માફ કરવાથી, ક્ષમા આપવાથી બે વ્યક્તિથી લઈને, બે પરિવાર, બે સમાજમાં સંવેદનાઓ જન્મે છે, કેટલાય લોકોનું ભલું થાય છે, એકબીજા પ્રત્યે માન સન્માન જાગે છે, એકબીજાને આદર આપતા થાય છે. ઘણા લોકો માફી માગતા ડરતા હોય છે, પણ જો ભૂલ કરી છે તો એની માફી માગવી એ પણ સમજણ અને સંસ્કારની નિશાની જ છે. માફી માગવામાં પણ મહાનતા છે. અને આપવામાં પણ છે. કેમ કે માફી માગવાથી મન હળવું બની જાય છે અને માફ કરવાથી વ્યક્તિની ભૂલ ભુલાઈ જાય છે. બન્ને પક્ષે સંબંધમાં નવી ઊર્જા આવે છે. નવી સમજણ આવે છે. ... તો મિત્રો, આવો આપણે આજથી આપણી આસપાસના સ્નેહીઓ, મિત્રોએ કોઈએ કશી ભૂલ કરી હોય તો એને એક ફોન કરીને કે મેસેજ કરીને એને માફ કરી દઈએ અથવા ભૂલ કરી હોય તો માફી માંગી લઈએ. અસ્તુ.

- 9426060601.india@gmail.com

'શાર્ક 'ટેન્ક ઈન્ડિયા' : મસ્ટ વોચ 'રિયલ' રિયાલિટી શો!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

જનરલી મોટાભાગના રિયાલિટી શો માં હોય છે.. બે થી વધુ જજ... અનેકો પ્રતિયોગી.. શો જીતવા માટે વારંવાર પ્રતિસ્પર્ધીઓની અંદરો અંદર સ્પર્ધા..! પ્રતિસ્પર્ધીઓને જુદી જુદી રીતની સ્પર્ધાઓની પરીક્ષા આપવી પડે છે.. પહેલા ૧૦૦ હોય એમાંથી દર સપ્તાહે ૧-૨ નીકળતા જાય અને અંતે ૫-૭ માંથી એક વિજેતા બને અને મળે ઇનામી રકમ! પણ હાલમાં આવા બીબાંઢાળ ફોર્મેટ થી અલગ એક રિયાલિટી શો ધૂમ મચાવી રહ્યો છે કે જેમાં એક જ વાર તમારી પ્રતિભા બતાવવાની છે અને એને સામે બેઠેલા પાંચ જજના દિલમાં-દિમાગમાં ઉતારવાની છે અને મેળવવાનું છે તમે ધારેલું ઈનામ ...! સોની ટીવી પર સોમ થી શુક્ર દરરોજ રાત્રે ૯-૧૦ વાગ્યે આવતા અને હકીકતે બીબાંઢાળ રિયાલિટી શો થી અલગ કન્ટેન્ટવાળા અને પ્રસારિત થવાના એકાદ મહિનામાં જ દર્શકોની વાહવાહ મેળવી ચૂકેલા આ મસ્ટ વોચ શો નું નામ છે 'શાર્ક ટેન્ક ઈન્ડિયા' !

છેલ્લા થોડાક વર્ષોથી દુનિયાભરમાં સ્ટાર્ટઅપનો વાયરો ફૂંકાયો છે અને અનેકો સ્ટાર્ટઅપ આજે સફળતાપૂર્વક ચાલી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ હમણાં જ કહેલું કે સ્ટાર્ટઅપ મોરચે ભારતનો ગોલ્ડન પિરિયડ શરૂ થઈ ચૂક્યો છે, આ શો આવા સ્ટાર્ટઅપની સફળતા માટે એક મોટી નિસરણી બની ચૂક્યો છે. તમારી પાસે બિઝનેસ આઇડિયા તો છે.. તમારી પ્રોડક્ટમાં દમ પણ છે.. ઈવન તમે તમારા આ ઈનોવેટિવ પ્રોડક્ટનો નાના પાયે બિઝનેસ પણ કરો છો પણ તમારી પ્રોડક્ટ કે બિઝનેસને ગ્લોબલી કે નેશનલ લેવલે લઈ જવાનું તમારું સપનું પૂરું કરવામાં મોટી અડચણ હોવાની નાણાંની – માર્કેટિંગની અને સ્પર્ધાના પડકારોની. એવામાં તમારી પ્રોડક્ટને પારખીને, તમારા બિઝનેશને ફેલાવવામાં કોઈ આ બધી જ મુશ્કેલીમાં તમને મદદ કરે તો ? તમને અમુક અંશે ધંધા માટે ફંડિંગ કરે તો ?.. તમને માર્કેટિંગ કે પેકેજિંગ કે પ્રાઈસિંગમાં માર્ગદર્શન આપે તો ?.. 'શાર્ક ટેક ઈન્ડિયા' માં બેઠેલા પાંચ શાર્ક (આમ તો ફૂલ સાત છે) તમારા આ સપનાંને... મુશ્કેલીઓને હલ કરવામાં મન-ધનથી કઈક આવી જ મદદ કરે, માર્ગદર્શન આપે છે અને જો તમારી પ્રોડક્ટ કે બિઝનેસ મોડેલમાં કે ઈવન એના ભવિષ્યમાં કે રેવન્યુમા કાઈ ભલીવાર ના દેખાય તો આ જ શાર્કસ તમને ઘરભેગા પણ કરી દે છે – લીટરલી..! શો ના નામ 'શાર્ક ટેક ઈન્ડિયા' માં ઈન્ડિયા શબ્દ વાંચીને તમે સમજી ગયા હશો કે આ મૂળ કોઈ વિદેશી કાર્યક્રમની ભારતીય આવૃતિ છે. ' શાર્ક ટેક ઈન્ડિયા' એ એબીસી ચેનલ પર ૧ ઉમી સીઝનમાં પ્રવેશી ચૂકેલા અમેરિકન શો 'શાર્ક ટેક' નું ઈંડિયન વર્ઝન છે. જો કે સૌથી પ્રથમ આ શો જાપાનમાં વર્ષ ૨૦૦૧ માં 'ટાઈગર્સ ઓફ મની ' નામે શરૂ થયેલો જેની સફળતા પછીથી ૨૦૦૫ માં ઈંગ્લેંડમાં 'ડ્રેગન્સ ડેન' નામે રજૂ કરાયો. જગતના ૪૦થી વધુ દેશોમાં રજૂ થયેલા આ શોની અત્યાર સુધીમાં ૧૮૦ થી વધુ સિઝનો થઈ ચૂકી છે અને આ શો ને દુનિયાભરમાં ૩૦ થી વધુ એવોર્ડ મળી ચૂક્યા છે. આ સિઝન્સ અને એવોર્ડસ તો ઠીક છે પણ આ શો એટલા માટે દુનિયાભરમાં લોકપ્રિય છે કે એનાથી અનેકો નાના ઉધ્યોગ સાહસિકોને એમના બિઝનેસને ઊંચાઈ પર પહોંચાડવામાં મદદ મળી છે અને જેને કોઈ કારણસર શાર્કની હેલ્પ ના મળી હોય તો પણ પબ્લિસિટી અને ભૂલો સુધારવાનું જ્ઞાન તો ચોક્કસ મળે જ છે.

આ અનોખા રિયાલિટી શો માં શાર્કસ બોલે તો સામે બેઠેલા જજ કે જે